સિંચાઈ જળાશયોમા જમા થયેલ કાંપ /ગાળનો
**જથ્થો જરૂરત-મંદોને આપવા બાબત**

**ગુજરાત સરકાર**
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંક:ધરસ/૨૦૦૦/એમપી/ ૬૯-૫૭-૯૨ /પી
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૯/૨/૨૦૧૦

વંચાણે લીધા:
(૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ નો પરિપત્ર ક્રમાંક:ધરસ/૨૦૦૦/એમપી/ ૬૯-૫૭-૯૨ /પી, તા.૧૮-૭-૨૦૦૧.

પરિપત્ર

સિંચાઈ જળાશયોમાં જમા થયેલ કાંપ /ગાળનો જથ્થો જરુરત-મંદોને આપવા બાબતે વિભાગ નો તા.૧૮-૭-૨૦૦૧ નો સરખા ક્રમાંકનો પરિપત્ર અમલમાં છે. હયાત ચેકડેમ, તળાવ, સિંચાઈ યોજનાઓ વિગેરેમાંથી કાંપ કાઢવા માટે અવાર-નવાર સુચનાઓ આપવામા આવે છે. સરકારશ્રી દ્વારા લોક ભાગીદારી તેમજ ટેન્ડરથી તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામા આવેલ છે. ત્યારે કાંપ કાઢવાની કામગીરી બહોળા પ્રમાણમાં હાથ ધરાય તે માટે આ સુચના ફરીથી પરિપત્રિત કરવી જરુરી જણાય છે.

જો આ કાંપને ખોદીને ખેડુતોના ટ્રેકટરો / ટ્રકો વગેરેમાં સરકારી મશીનરીથી ભરી આપવામા આવે અને ખેડુતો તેમના સ્વખર્ચે અને જોખમે તે કાંપને વહન કરી તેમના ખેતરોમા વાપરે તો ઉભય પક્ષે ફાયદો થાય. આ પ્રમાણે ખેડુતોને વિના મુલ્યે કાંપ લઈ જવા માટે પ્રોત્સાહિત કરવા સ્થાનિક કક્ષાએ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા જાહેરાત કરાવવી અને ખેડુતોનો સંપર્ક કરી પ્રયત્નો કરવા સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓને જણાવવામાં આવે છે. તેમજ આ કામગીરી કરતી વખતે બંધ ની સુરક્ષા સંપૂર્ણપણે જળવાઇ રહે તે માટે સરખા ક્રમાંકના તા.૧૮-૭-૨૦૦૧ ના પરિપત્રની શરતોનુ ચુસ્તપણે પાલન કરવાનું તેમજ ઉપરોક્ત પરિપત્રની બહોળી પ્રસિધ્ધિ કરવા આથી સબંધિત સર્વે ને જણાવવામાં આવે છે.

**(વી.એન.પટેલ)**
**ઉપસચિવ(જળસંપતિ)**
**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

પ્રતિ,

- નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગના સર્વે સચિવશ્રીઓ
- નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગના સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ

- નર્મદા.જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગના સર્વે ખાસ ફરજ પરના અધિકારીશ્રીઓ.
- નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગના સર્વે તાંત્રિક ઉપ સચિવશ્રીઓ અને સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ , સચિવાલય, ગાંધીનગર.
- નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ હેઠળના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ.

*(તેમના નિયંત્રણ હેઠળના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ/નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીઓને લેખિત સૂચના પાઠવીને આ પરિપત્રમાં દર્શાવેલ સઘળી સૂચનાઓનો ક્ષેત્રીય કક્ષાએ ચૂસ્તપણે અમલ કરવા સારૂં)*

- નાયબ સચિવશ્રી (વસૂલાત), નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય માહિતી અધીકારીશ્રી, નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય ગાંધીનગર.

*(આ વિભાગની વેબસાઈટમાં આ પરિપત્ર મુકવાની કાર્યવાહી કરવા સારૂં)*

- સિલેક્ટ ફાઇલ.